# સંવત ૨૦૭૨નું રાશિવાર ભવિષ્ય

## (૧) મેષ રાશિ : (અ.લ.ઈ.)




વિ.સં. ૨૦૭૨ના વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા પાંચમા સ્થાને રહેતાં તા. ૧૧-૮-૨૦૧૬થી તમારા છઠ્ઠા રોગ-શત્રુ સ્થાન આવશે. શનિ આખુ વર્ષ તમારા આઠમા સ્થાને રહે છે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી સોનાના પાયે ચાલશે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા છઠ્ઠા સ્થાને અને કેતુ બારમે રહેતાં તા. ૨૯-૧-૨૦૧૬થી રાહુ તમારા પાંચમે અને કેતુ તમારા અગિયારમાં લાભસ્થાને આવશે. મંગળ તમારા છઠ્ઠા સ્થાનથી ભાગ્યસ્થાન સુધીનું ભ્રમણ પુરું કરે છે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા પાંચમા સ્થાને રહે છે. જે સંતાનોના વિકાસમાં આગળ વધવાની તકો આપે. વિદેશ પ્રવાસ માટેના ચાન્સ મળે. ઉચ્ચ અભ્યાસ અર્થે આશાસ્પદ સફળતા મેળવી શકશો. સટ્ટાકીય કાર્યોથી લાભ થાય. વ્યવસાયિક કાર્યો કરનારને લાભો થાય. નોકરિયાત વર્ગને ઉચ્ચ પદવી માટેના પ્રયત્નો સફળ થતાં જણાય. તમારો પુરુષાર્થ વ્યર્થ જતો જણાય. ભૌતિક સહકાર સારો મળે. ધાર્મિક મુસાફરીના યોગ સારા બને. બીજાઓને સમજાવવાના પ્રયત્નો નિષ્ફળ જતા જણાય. પુત્ર સંતાનની ઈચ્છા રાખનારની ઈચ્છા પૂર્ણ થાય. અર્થવ્યવસ્થાને અખંડ રાખવા ખંડિત પુરુષાર્થ કરશો. દઢ પ્રારબ્ધ ભોગવવાની હામ એકઠી કરશો.

તા. ૧૧-૮-૨૦૧૬થી ગુરૂ તમારા છઠ્ઠા સ્થાને આવશે. અહીં ગુરૂ અનુકુળ નથી. ખાનપાનની અનિયમિતતા તમારા આરોગ્યને હાનિ પહોંચાડે. પેટ આંતરડા સંબંધી તકલીફો રહે. આર્થિક સ્થિતિ સુધરવા છતાં તમે યોગ્ય લાભ ન લઈ શકો. ચિંતા-મૂંઝવણો વધે. ધંધા-વ્યવસાયિકોને ઉઘરાણી લાંબા સમય બાદ મળતાં રાહત જણાય ભાગીદારીના વ્યવસાયિકોને ભાગીદારીમાં તકલીફો રહે. વધુ પડતી બેદરકારી ઘણું ગુમાવડાવે. અંગત સમસ્યાનું નિરાકરણ થાય. મળતી તકો ઝડપી લેવી જરૂરી બને. નાણાંકીય સહાય સારી મળે. નોકરીયાત વર્ગને બઢતી કે પ્રમોશનના ચાન્સ સારા મળે.

શનિ આખુ વર્ષ તમારા આઠમા સ્થાને રહે છે. અહીં તમારે અઢી વર્ષની નાની પનોતી સોનાના પાયે ચાલશે. જે શારીરિક અનેક તકલીફો રાખે. આર્થિક અનેક તકલીફોનો સામનો કરવો પડે. શરદી-કફ-પેટ-આંતરડાને લગતી તકલીફો રહે. ભાઈ ભાંડુ સાથે કારણ વગરના મનદુઃખ થાય. શારીરિક તકલીફો આર્થિક પરેશાની વધારે. વડીલો પ્રત્યેની તમારી લાગણી વધુ તીવ્ર બને. સંતાન અંગેની ચિંતા રહે. નાણાં સંબંધી ઉપાધિ રહે. કૌટુંબિક મન દુઃખના પ્રસંગો બને. પિત્ત-વાયુ સંબંધી તકલીફોથી સંભાળવું. તબિયત નરમ ગરમ રહે. સટ્ટાકીય કાર્યોમાં સંભાળવું. નાણાંકીય તંગી અનુભવશો. આળસ-બેચેની વધુ રહે. આર્થિક-શારીરિક મુશ્કેલીઓ આવે.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા છઠ્ઠા સ્થાને રહે છે જે આરોગ્ય અંગેની નાની મોટી તકલીફો રાખે. હરસ, મસા કે કમરદર્દ સંબંધી તકલીફો રહે. નોકરિયાત વર્ગને ઉપરી વર્ગ સાથે અણબનાવ રહે. કાનૂની કાર્યોથી સંભાળવું. આર્થિક જવાબદારીમાં વધારો થાય. મોસાળપક્ષને લગતી તકલીફો રહે. શરદી, કફને લગતી તકલીફો રહે. હિતશત્રુઓ તમારી વિરુદ્ધ ષડયંત્ર રચે. સંતાનનું સ્વાસ્થ્ય સારું રહે. સાહસિક કાર્યોમાં સંભાળવું. લાંબાગાળાના રોકાણમાં લાભ થાય. હિતશત્રુઓથી સંભાળવું. ભાગીદારીના કાર્યોમાં અપયશ મળે. સામાજિક કાર્યકર્તાઓને અવરોધ-રુકાવટો આવે. ધીરધારનો ધંધો કરનારે સાવચેતી રાખવી.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા બારમે રહે છે. જે આર્થિક-આંતરિક અને શારીરિક તકલીફો રાખે. આવક કરતા જાવક વધતી જણાય. નેત્ર સંબંધી તકલીફોથી સંભાળવું. વધુ પડતા ખર્ચને તમે પહોંચી ન વળો. અથાગ પરિશ્રમ કરવો પડે. આવક પ્રાપ્તિ માટેના પ્રલોભનોના કારણે મુશ્કેલીમાં મુકાઈ જવાય. હિત શત્રુઓમાં વધારો થાય. કાનૂની સમસ્યાઓ ઉભી થાય. માનસિક ટેન્શન વધુ રહે.

તા. ૨૯-૧-૨૦૧૬થી રાહુ તમારા પાંચમા સ્થાને આવશે. જે સંતાન અંગેની તકલીફો રાખે. સંતાનની પ્રગતિમાં અવરોધો આવે. સટ્ટાકીય કાર્યોમાં સંભાળવું. બીજા પરનો વધુ પડતો વિશ્વાસ વિશ્વાસઘાતમાં પરિણમે. ખર્ચાઓ મર્યાદા બહારના વધે. સ્થાવર અંગેની છેતરપીંડી થાય. સામાજિક કાર્યકર્તાઓ તેમના અધૂરા કાર્યો પૂર્ણ કરી શકશે. તમારી મનોવૃત્તિના કારણે તમે નિરાશા અનુભવશો. તમે ભાગ્યના પરિવર્તનને અટકાવવાની નિરર્થક કોશિષ કરશો. કૌટુંબિક દુઃખ વધે. સંતાન સાથે મન દુઃખના પ્રસંગો બને. અંગત કાર્યોમાં બીજાની મદદની જરૂર જણાય. નાણાંકીય વ્યય વિશેષ થાય તમે ભૌતિક જીવનના મોહથી મુકત નહીં રહી શકો. મિત્ર વર્ગ કે અંગત સ્નેહીથી અણબનાવ રહે.

તા. ૨૯-૧-૧૬થી કેતુ તમારા લાભ ભાવે આવશે. આકસ્મિક ધનપ્રાપ્તિના પૂર્ણ યોગો બને. તમને તમારી આર્થિક ગુપ્તતાના દર્શન થશે. કોઈની પણ જામીનગીરીથી દૂર રહેવું તમારી બુદ્ધિને તમારી કાર્યપદ્ધતિ નહીં રુચે. મોજશોખની વસ્તુઓ પાછળ વધુ ખર્ચ થાય મિત્રોથી મન દુઃખના પ્રસંગો બને. લાંબાગાળાના રોકાણથી લાભ થાય. નોકરીયાત વર્ગને બઢતી કે પ્રમોશનના ચાન્સ સારા મળે. ધાર્મિક આડંબરો વધે. યાત્રા-મુસાફરી તકલીફ કર્તા નિવડે. સટ્ટાકીય પ્રવૃત્તિથી લાભ થાય. શત્રુઓથી સંભાળવું.

● **સ્ત્રીઓ માટે :** સ્ત્રીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. કંઈને કંઈ પરેશાનીઓ રહે. ધાર્મિક પ્રવાસના યોગ બને. સંતાનો સાથે મનદુઃખ થાય. શારીરિક તકલીફો રહે. પેટ-આંતરડા કે પડવ-વાગવા જેવી તકલીફોથી તમે પરેશાન થાવ. કારણ વગરના ઘર્ષણ થાય. આર્થિક પ્રગતિમાં રુકાવટો આવતી જણાય સહનશકિત વધુ રાખવાની જરૂર જણાય. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો કોઈ નાની-મોટી શસ્ત્રક્રિયા પણ બને. વડીલો સાથે મનદુઃખના પ્રસંગો બને. સ્થાવર અગેના કાર્યોમાં વિલંબ થાય. સામાજિક કાર્યો કરતી સ્ત્રીઓને અપયશના યોગ બને.

● **વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થીઓ માટે આ વર્ષ કપરુ ગણાય. મહેનત-પરિશ્રમનું ફળ મળતું ન જણાય. શારીરિક તકલીફો તમારા અભ્યાસમાં આડખીલીરૂપ બને. વિચારો પરનો કાબૂ જરુરી બને. વાણીની ઉગ્રતા સંબંધો બગાડશે. વધુ મહેનત કરવાની જરૂર જણાય. વડિલવર્ગનું તમારા તરફનું વર્તન બદલાતું જણાય. અભ્યાસ સાથે નોકરી કરનારને ઘણું જ સહન કરવું પડે. મિત્રવર્ગથી સંભાળવું. અંગત વ્યકિત દ્વારા જ દગો થવાના યોગ બને.

## (૨) વૃષભ રાશિ : (બ.વ.ઉ.)




વિ.સં. ૨૦૭૨ના વર્ષની શરૂઆતમાં ગુરુ તમારા ચોથા સુખ સ્થાને રહેતાં તા. ૧૧-૮-૧૬થી તમારા પાંચમા સ્થાને આવશે. શનિ આખુ વર્ષ તમારા સાતમા સ્થાને રહે છે. રાહુ વર્ષની શરૂઆતમાં તમારા પાંચમા સ્થાને અને કેતુ અગિયારમા લાભ ભાવે રહેતાં તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા ચોથા સુખભાવે અને કેતુ દસમા કર્મસ્થાને આવશે. મંગળ તમારા પાંચમાસ્થાનથી તમારા આઠમા સ્થાન સુધીનું ભ્રમણ પુરું કરે છે.

વર્ષની શરૂઆતમાં ગુરૂ તમારા ચોથા સુખભાવે રહે છે. જે સ્થાવર અંગેના કાર્યોમાં સફળતા આપે. જવાબદારી નિભાવવામાંથી તમે મુકત નહીં થઈ શકો. પેટ-આંતરડા તેમજ હાર્ટ સંબંધી તકલીફો રહે. નોકરિયાત વર્ગને બઢતી અંગેના ચાન્સ સારા રહે. તમારો આત્મવિશ્વાસ વધે. માતા સાથે વિચારોમાં મતભેદો રહે. તમારે અંગપીડા સંબંધી તકલીફોથી સંભાળવું. સુખ-સંપત્તિમાં વધારો થાય. સ્થાવર ભૂમિ અંગેના કાર્યો પાર પડે. સ્થાવર મિલ્કતમાં વધારો થાય. ભૌતિક સુખ સાધનોની ખરીદી કરી શકશો. ધીરધારનો ધંધો કરનારને લાભ થાય. તમે બીજાના વ્યવહારને પચાવી લેવાનો નિરર્થક પ્રયાસ કરશો. સ્થાવર અંગેના અટવાયેલા કાર્યો પૂર્ણ થતાં જણાય. વડિલો તરફથી આર્થિક સહાયતા સારી મળે. નવીન ધંધાકીય કાર્યો સારા થાય. અંગત સંબંધોમાં સંભાળવું.

તા. ૧૧-૮-૧૬થી ગુરૂ તમારા પાંચમા સ્થાને આવશે. જે સંતાનોના વિકાસમાં સફળતા આપે. વિદેશ પ્રવાસના ચાન્સ સારા મળે. વ્યવસાયિક કાર્યો કરનારને અણધાર્યા લાભો મળે. શેર સટ્ટાકીય કાર્યોથી લાભ થાય. વ્યવસાયિક કાર્યોમાં અણધાર્યા લાભો મળે. નોકરિયાત વર્ગને ઉચ્ચ પદવી માટેના પ્રયત્નો સફળ થતા જણાય. પેટ આંતરડા સંબંધી શસ્ત્રક્રિયાના યોગ બને. જન્મના ગ્રહોનો સાથ નહીં હોય તો કરલો પુરુષાર્થ વ્યર્થ જતો જણાય. વ્યવહારિક કાર્યોમાં તમારી લાગણી ઘવાતી જણાય. અર્થ વ્યવસ્થાને અખંડ રાખવાના તમારા પ્રયત્નો ખંડિત થતાં જણાય. દઢ પ્રારબ્ધ ભોગવવાની હામ અકઠી કરશો. ધાર્મિક કાર્યો તેમજ ધાર્મિક મુસાફરી સારી થાય.

શનિ આખું વર્ષ તમારા સાતમા સ્થાને રહે છે. જે આંતરિક જીવનમાં અશાંતિ રાખે. દામ્પત્યજીવનને લગતી તકલીફો રહે. નાની અમથી વાત ઘર્ષણનું મોટું સ્વરૂપ લઈ લે. ધીરજ અને મૌન જાળવું જરુરી બને. નર્વસ થશો તો મુશ્કેલીઓ ઘેરી વળશે. માનસિક સ્વસ્થતા ગુમાવ્યા વગર મકકમ મનોબળ રાખવું જરૂરી બને. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં અપયશ મળે. સ્થાવર અંગેના પરિવર્તનના યોગ બને. આંતરિક-આર્થિક સમસ્યાઓમાં વિલંબ થાય. ભાગીદારીના વ્યવસાયિકોને કાનૂની તકલીફો રહે. જન્મના ગ્રહો પ્રતિકૂળ હશે તો ભાગીદારી છૂટી જવાના યોગો બને. તમારામાં નકારાત્મક પ્રવૃત્તિઓ વધે. નવીન ભાગીદારી આ સમયમાં ન થાય તેની કાળજી રાખવી. સ્થાવર સંબંધી પરિરવર્તનના યોગ બને. સામાજિક માન-મોભો ઓછો થતો જણાય.

રાહુ વર્ષની શરૂઆતમાં તમારા પાંચમા સ્થાને રહે છે. જે સંતાનની પ્રગતિને અવરોધે. મોટા સંતાન સાથે અણબનાવ રહે. સટ્ટાકીય કાર્યો કે સાહસિક કાર્યોથી દૂર રહેવું હિતાવહ ગણાય. ખર્ચાઓ મર્યાદા બહારના રહે. બીજાઓ પર મુકેલ વિશ્વાસ વિશ્વાસઘાતમાં પરિણમે. તમને અહીં વાસ્તવિક સત્યની કઠોરતાના દર્શન થશે. સ્થાવરની છેતરપીંડી થવાના યોગ બને. તમે તમારી મનોવૃત્તિના કારણે હાર અને નિરાશા અનુભવશો. ભાગ્યના પરિવર્તનને અટકાવવાની નિરર્થક કોશિષ કરશો. સંતાન અંગેની અનેક તકલીફો ઉભી થાય. અંગત કૌટુંબિક કાર્યો માટે બીજાની મદદની જરૂર જણાય. કાનૂન સંબધી કાર્યોમાં અવરોધો આવે તમને ભૌતિક જીવનનો મોહ વધતો જણાય.

કેતુ વર્ષની શરૂઆતમાં તમારા અગિયારમા લાભ ભાવે રહે છે. જે આકસ્મિક ધનપ્રાપ્તિના પૂર્ણયોગ બનાવે. તમને તમારી આર્થિક ગુપ્તતાના દર્શન થશે. નિષ્ફળતા અને નુકસાનમાંથી બચી શકશો. દૈવી વૃત્તિના માધ્યમ દ્વારા તમારી મહત્વાકાંક્ષાને પોષણ મળશે. મોટા ભાઈ-ભાંડુ સાથે મનદુઃખના યોગ બને. કોઈની પણ જામીનગીરીથી દૂર રહેવું. આવકની અનેક તકો આવવા છતાં હાથમાંથી સરી જતી જણાય. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીથી અણબનાવ રહે.

તા. ૨૯-૧-૧૬થી રાહુ તમારા ચોથા સુખભાવે આવશે. જે અશુભ ફળદાયી ગણાય. આંતરિક-કૌટુંબિક અશાંતિ રહે. અનેક આફતોનો સામનો કરવો પડે. અંગત સ્નેહીઓ સાથે અણબનાવ રહે. અનેક નાની મોટી ઉપાધિઓ રહે. સ્થાવર અંગેના કાર્યોમાં અવરોધો આવે. ઈચ્છા અનિચ્છાએ તમારે ત્યાગનો માર્ગ અપનાવવો પડે. આર્થિક પ્રશ્નો તમને અકળાવશે. અનેક અવનવા પરિવર્તન આવે. માથાને લગતી તકલીફો રહે. શારીરિક કમજોરીના રૂપમાં બિમારીનો અનુભવ કરશો. કોઈ મોટી આઘાતજનક ઘટના બને. માનસિક વ્યગ્રતામાં વધારો થાય. શારીરિક કમજોરી વધે.

તા. ૨૯-૧-૧૬થી કેતુ તમારા દસમા કર્મસ્થાને આવશે. જે ધંધા વ્યવસાયિક પરિવર્તનો લાવે. સરકારી કાર્યકર્તાઓને પરેશાની વધુ રહે. નોકરીયાત વર્ગને અણબનાવ રહે. નવીન મૂડીરોકાણ ફસાઈ ગયાનો અનુભવ થાય. આવક પ્રાપ્તિ અંગેના અનેક પરિવર્તનો આવે. પિતા સાથે વૈચારિક મતભેદો રહે. આર્થિક નાની-મોટી તકલીફો રહે. ધંધા-વ્યવસાયિકોને ઉઘરાણી ફસાઈ જવાના યોગ બને. ધન વ્યયના અનેક યોગો બને.

● **સ્ત્રીઓ માટે :** સ્ત્રીઓ માટે આ વર્ષ અનેક તકલીફોવાળું ગણાય. આંતરિક-દામ્પત્યજીવનને લગતી તકલીફો રહે. નોકરી કરતી સ્ત્રીઓને બઢતી અંગેના ચાન્સ આવવા છતાં લાભ ન મળે. શારીરિક તકલીફો રહે. વાયુ પ્રકૃતિને લગતી તકલીફો રહે. સંતાન અંગેની ચિંતા રહે. સંતાન સાથે મતભેદો રહે. કૌટુંબિક નાના મોટા મતભેદો રહે. કોઈને કોઈ ઉપાધિનું સર્જન થતું રહે. ધાર્મિક કાર્યો કરવા છતાં તમે ધર્મથી વિમુખ થશો. પેટ આંતરડા સંબંધી શસ્ત્રક્રિયાના યોગ બને. જીવન સાથીની તબિયતની કાળજી રાખવી. નાણાંની તંગી અનુભવવા છતાં તમારા કાર્યો પાર પડે.

● **વિદ્યાર્થીઓ માટે :** વિદ્યાર્થીઓ માટે આ વર્ષ મધ્યમ પસાર થાય. મહેનત-પરિશ્રમ છતાં સફળતા ઓછી મળે. ડિગ્રી પ્રાપ્તિ માટેના વિદ્યાર્થીઓએ કાળજી રાખવી હરિફવર્ગની વાતોમાં આવી ન જવાય તેની કાળજી રાખવી. કૌટુંબિક કારણોસર તમારા અભ્યાસમાં રુકાવટો આવે.




